

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસ.કે.પટેલ સ્કૂલમાં 'કેપ ડે' યોજાયો. બાળકો વાલીઓએ બનાવેલી અવનવા શેપની રંગબેરંગી કેપ તથા અલગ અલગ પ્રકારની રેડિમેડ કેપ પણ પહેરીને આવ્યા હતા.

### ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે

# મહાત્મા ગાંધીના વિચારો વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરના સમાજશાસ્ત્ર વિભાગ દ્વારા સાંપ્રત સમાજમાં મહાત્મા ગાંધીજીના વિચારોની પ્રસ્તુતતા વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગુજરાત વિદ્યાપીઠના અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગના એસો. પ્રૉફેસર ડૉ. રાજેન્દ્ર જાનીએ મનનીય અને પ્રેરક વક્તવ્ય આપ્યું હતું. તેમણે સમાજશાસ્ત્ર વિષયની



વિદ્યાર્થિનીઓ અને ગાંધીજીના જીવનના વિવિધ પ્રસંગોને સાંકળીને માનવીય તથા સામાજિક જીવનનાં મૂલ્યો, ગુણો વિશે સમજ પૂરી પાડી હતી. મુખ્યત્વે સત્ય, અહિંસા, પ્રેમ, સત્યાગ્રહ, શિસ્ત, સ્વરાજ, સ્વચ્છતા વગેરે મુખ્ય મુદ્દા તેમના વક્તવ્યના રહ્યા હતા.

કૉલેજનાં આચાર્ય ડૉ. અમૃતાબેન પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. વિભાગના અધ્યક્ષ ડૉ. ભરતભાઈ તડવી, ડૉ. દિપ્તીબેન પંડ્યા અને કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવભાઈ જોષીપુરાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

**ડાયરેક્ટ ❤ સે**

શરીર પર જે
ઘાનાં નિશાન છે
એ તો બધાં
બાળપણનાં છે
એ પછીના ઘા તો
દિલ પર વાગ્યા છે

# સરકારી વિજ્ઞાન કોલેજના એનએસએસ શિબિરનો આરંભ




ગાંધીનગર, તા. ૨

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરના એન. એસ. એસ. એકમ દ્વારા તા.૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૦૭-૦૧-૨૦૨૦ દરમ્યાન ગાંધીનગર જીલ્લાના પોર ગામ ખાતે "નવી પેઢીમાં ગાંધીજીના વિચારોનું નિર્માણ" વિષય પર સાત દિવસીય એન.એસ.એસ. શિબીરનું આયોજન કરવામા આવ્યું છે. આ શિબિર દરમ્યાન સ્વચ્છતા, હેલ્થ તપાસ કેમ્પ, ફર્સ્ટ એડ તાલીમ, રક્તદાન કેમ્પ, કાર્બન ફૂટ પ્રિન્ટ સર્વે, વિવિધ વ્યાખ્યાનો, યોગા, પ્રાણાયમ, ધ્યાન, અંધશ્રધ્ધા નિવારણ કેમ્પ, જમીન-પાણીના સેમ્પલ લઈ તેની ગુણવતાની તપાસ જેવા કાર્યક્રમો યોજાશે. આ ખાશ શિબિરમા સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરના એન.એસ.એસ. એકમમાંથી ૧૮ વિદ્યાર્થિનીઓ અને ૩૫ વિદ્યાર્થીઓ કુલ મળી ૫૩ સ્વયંસેવકોએ ભાગ લીધો છે.

આ સમારંભનાં ઉદ્‌ઘાટક અને અધ્યક્ષ સ્થાને રાજ્ય એન.એસ. એસ. અધિકારી, ગુજરાત રાજ્ય આર. જે. માછીએ ઉપસ્થિત રહી સમાજ ઉપયોગી કાર્ય થઈ શકે તે સંદર્ભે શિબિરાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ડો. એમ. જી. ભટ્ટે (સંયુક્ત શિક્ષણ નિયામક (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી અને આચાર્ય, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર) ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું. આ ઉપરાંત ડો. નટુભાઈ વર્માએ શિબિર દરમ્યાન કઈ પ્રવૃતિઓ કરી શકાય તેની વિસ્તૃત માહિતી આપી હતી.

સમારંભના મુખ્ય મહેમાન તરીકે કાનાજી શકરાજી (સરપંચ, પોર), ઉપસરપંચ અમૃતભાઈ, તલાટી મંત્રી પોર ગામ પારૂલ ગોસાઈ, હાર્ટફૂલનેસ સંસ્થાના પી. કે. સલુજા, શિબિર કો-ઓર્ડીનેટર અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. યુ. પી. તરપદા, નિવૃત આચાર્ય કે. પી. પટેલ, સ્વામીનારાયણ વિદ્યા સંકુલ પોર ના ટ્રસ્ટી હૈદરભાઈ, વિનોદભાઈ બી. પેટેલ (આચાર્ય, સરકારી પ્રા. શાળા,પોર), ચેતનાબેન પટેલ (આચાર્ય, સ્વામીનારાયણ વિદ્યા સંકુલન, પોર), સરકારી વિજ્ઞાન કોલેજના પ્રધ્યાપકો તથા ગામ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરસ્વતી ઈન્સ્ટીટ્યુટના ઝળકતા સિતારા




સરસ્વતી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્માસ્યુટિકલ સાયંસિસ, ધણપ, ગાંધીનગર ખાતે આઠમા સેમેસ્ટરમાં ભણતા વિદ્યાર્થી યશ વિષ્ણુભાઈ પટેલ, સાહિલ રજબહાદુર યાદવ, દિલીપ દેવચંદભાઈ પંડ્યા તથા ધ્રુવ જગદિશકુમાર સુથારે એલ. એમ. ફાર્મસી કોલેજ ખાતે સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલીસી (SSIP) અને ALF અંતર્ગત યોજાયેલ "દાદીમાના નુસખા" સ્પર્ધામાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરીને રૂ. ૧૫૦૦૦નું ઈનામ જીત્યું હતું. આ જ સ્પર્ધામાં કોલેજની વિદ્યાર્થિની દિપાલી મુકેશભાઈ સુવા, ઉર્વશી સંજયભાઈ ધાનાણી, વૃંદા ભરતભાઈ પાનસેરીયા તથા શીતલ કીર્તિકુમાર પટેલ દ્વારા છઠ્ઠું સ્થાન પ્રાપ્ત કરીને રૂા. ૧૦૦૦નું ઈનામ જીત્યું હતું. આ બંને ગૃપને કોલેજનું ગૌરવ વધારવા બદલ સંસ્થા વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા, અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



રેખાબેન આચાર્ય
લાયોનેસ ક્લબ



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# રાંધેજા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે તાલીમ શિબિર યોજાઈ



ગાંધીનગર, તા. ૨

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે જીલ્લા ખેતીવાડી ખાતાના સહયોગથી રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશન અંતર્ગત જીલ્લાના ૪ તાલુકાઓના જુદા જુદા ગામોના અંદાજે ૧૮૦ જેટલા ખેડૂત ભાઈઓ બહેનો તેમજ વિસ્તરણ અધિકારીઓ અને ગ્રામસેવકોએ ૨ દિવસીય તાલીમ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ તાલીમ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વિષય નિષ્ણાત વિનય ગોર દ્વારા ખેડૂતોને તેલીબીયા અને કઠોળ પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓ તેમજ જૈવિક ખાતરો અને દવાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેન્દ્રના વડા ડો. વી. કે. ગર્ગ દ્વારા જીલ્લાના ખેડૂતોને કઠોળ અને તેલીબીયા પાકોના વાવેતર વિસ્તાર તેમજ ઉત્પાદન વધારવા ભલામણ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં જીલ્લા ખેતીવાડી ખાતાના અધિકારીઓએ પણ ઉપસ્થિત રહી ભારત સરકાર દ્વારા ચલાવવામાં આવતા રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા મિશનનો દરેક ખેડૂત ભાઈ-બહેનને વધુમાં વધુ લાભ લેવા અને તેમાં જોડાવા અનુરોધ કર્યો હતો.

### ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ લાભ લીધો

# કેપિટલ રોટરી ક્લબ દ્વારા ડેન્ટલ કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૨

રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા તાજેતરમાં સામાજીક સેવાના ભાગરુપે શ્રી વાસુદેવ વિદ્યાલય પીબીએસ હાયર સેકન્ડરી સ્કૂલ, જામળા, તા. કલોલ, જિ. ગાંધીનગર ખાતે ડેન્ટલ કેમ્પ તેમજ વ્યસન મુક્તિ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત શ્રી વાસુદેવ વિદ્યાલયના ધોરણ ૧ થી ૧૨ના ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓના દાંતને ચેક કરવામાં આવેલ. બાળકોને ગીફટ સ્વરુપે ટુથ પેસ્ટ,



માઉથ વોશ, ટુથ બ્રશનું વિતરણ કરવામાં આવેલ. જે બાળકોને દાંત અંગેની તકલીફ જણાઈ તેમને દવા પણ આપવામાં આવી અને વિશેષ જરૂરિયાત જણાતા રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના વિનામૂલ્યે સેવા આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવનાર છે.

આ ઉપરાંત બાળકો વ્યસનથી દૂર રહે અને વ્યસનના લીધે થતી સમસ્યાઓ અંગે ખૂબ જ સુંદર વક્તવ્ય અને વાર્તાલાપ બીએપીએસના કાર્યકર શ્રી રમેશભાઈ બગડીયા અને વૈદિક પ્રવક્તા શ્રી મહેન્દ્રભાઈ ગાંધી દ્વારા આપવામાં આવ્યું.

આ ડેન્ટલ કેમ્પમાં રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. અંકુર પરમાર, સેક્રેટરી શ્રી પાર્થ ઠક્કર, ડેન્ટલ ડોકટર્સ ડૉ. અમી ઉપાધ્યાય, ડૉ. તુલસી ગોહિલ, ડો. વંશી ચૌહાણ, ડો. હેલી ઝાલા તેમજ સ્ટાફના સદસ્ય શ્રી હસમુખ રાઠોડ સહિત ડૉ. રેડ્ડી કંપની તરફથી શ્રી યાસીર ખાન ઉપસ્થિત રહેલ. કાર્યક્રમને સફળ બનાવવા પ્રોજેક્ટ ચેરમેનો સર્વે રોટે. જયશ્રીબેન ખેતિયા તેમજ શાળાના મુખ્ય શિક્ષિકા શ્રીમતી દિપ્તી જસાણી ખૂબ જ મહેતન કરી હતી આ ઉપરાંત શ્રી વાસુદેવ વિદ્યાલય પીબીએસ હાયર સેકન્ડરી સ્કૂલ, જામળાના પ્રેસીડન્ટ શ્રી ચતુરભાઈ પ્રજાપતિ, ટ્રસ્ટી શ્રી રમણલાલ પટેલ, આચાર્યા શ્રી મણીબેન ડામોર સહિત શિક્ષકો, સ્ટાફ મિત્રોનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ. કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું હતું.

# સાહિત્યસફર કાર્યક્રમના વિશેષ સ્વરૂપે દલપત પઢિયારનો જન્મદિન ઉજવાયો



ગાંધીનગર, તા. ૨

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કલા નિર્દેશક સુભાષ ભટ્ટના સહયોગથી ગોવર્ધન સ્મૃતિ મંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે કવિ, વિવેચક, સંત સાહિત્યના મરમી અને અભ્યાસી દલપત પઢિયારના ૭૧મા જન્મદિન પ્રસંગે ૧લી જાન્યુઆરીએ 'શબ્દજયોતિ' સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે કવિતાના ભાવકો અને ચાહકોએ દલપત પઢિયારને રૂબરૂ મળીને જન્મદિનની શુભેચ્છાઓ પાઠવી હતી. ત્યારબાદ કવિ દલપત પઢિયારે પોતાનાં જીવન-કવન વિશેનું વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમના અંતમાં કવિનાં પરિવારજનો અને મિત્રોની ઉપસ્થિતિમાં કેક કાપીને એમના જન્મદિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સાહિત્યકારો, કવિતાના ભાવકો અને ચાહકો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક'શ્વેત' દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને માણવા કોઈપણ પ્રકારની પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી.

# પ્ર-શિષ્ટને શિષ્ટતાથી આલેખતી નવલકથા 'અનાહતા'

**પુસ્તક પરિચય**

**નટવર હેડાઉ**

vanvihari@gmail.com



નવલકથા સ્વરૂપના જગવિખ્યાત સમીક્ષક એડવિન મ્યુરે નવલકથાના જે મુખ્ય પ્રકાર જમાવ્યા છે તેમાં એક ક્રોનિકલ દીર્ઘ કથાફલક ઉપરાંત એનું અગળ પડતું એક લક્ષણ છે 'રેકોર્ડ ઓફ ઈવેન્ટ્સ ઈન ઓર્ડર ઓફ ટાઈમ'. વિસ્તીર્ણ કથાપટ પર વિકસતી, એમાં કશી ગૂંચ ઊભી ન થાય એ રીતે ભૂતકાળને ઉખેળ્યા વિના વર્તમાનથી ભવિષ્યમાં સીધી ગતિ કરતી આ કથાને ક્રોનિકલ 'સતત કથા' કહી શકાય

તેવી નવલકથા જે બૃહદ ગુજરાતી સાહિત્યમાં એક અદ્‌ભૂત, અનોખી અને નવો ચીલો ચાતરતી કૃતિ વિશે જાણવાનું ગમશે.

'અનાહતા' કુમારપાળ દેસાઈની સર્જક તરીકે એક નવી ઓળખ લઈને આવતી પ્રશિષ્ટને સાંપ્રદ સંદર્ભમાં આલેખતી બૃહદ નવલકથા છે. ૪૩ પ્રકરણોમાં લાંબા ફલક પર વિસ્તા પામતી આ નવલકથા અંગે ધીરુબહેન પટેલે આશ્ચર્ય આનંદ વ્યક્ત કર્યો છે. તો ધીરેન્દ્ર મહેતા તેને પ્રાપ્તિ અને પરિત્યાગની કથા તરીકે ઓળખાવે છે. જયારે ડૉ. મણિલાલ હ. પટેલને તે એક સંવેદનાસભર સંઘર્ષગાથા લાગી છે.

અનાહતાના કેન્દ્રમાં મહાભારતની કુંતી છે. કુંતીના કેટકેટલાં રૂપ-સ્વરૂપ મહાભારતમાંય આલેખિત છે. અનાહતાના સર્જકે એ સર્વ રૂપોને આપણી સમક્ષ પ્રત્યક્ષ કર્યા છે. કુંતીનું એક મહારાણી તરીકેનું જીવન, એક માતા તરીકેનો સંઘર્ષ અને રાજઘરાનાની નારી લેખે કેવી વિરલ છે એની પ્રતીતિ ગુજરાતી



નવલકથાના ભાવકોને અનાહતા દ્વારા પહેલીવાર થાય છે. પોતાની પહેલી નવલકથા દ્વારા લેખકે ધાર્યું નિશાલ પાર પાડ્યું છે.

કથાનો આરંભ અને અંત કુંતીના પાત્રને લક્ષે છે અને સમયની ગતિ પણ. આરંભે આપમે કુંતીને સૂરસેનની લાડકી પૃથાના બાલિકા સ્વરૂપે જોઈએ છીએ અને એ રીતે એના પૂર્વ જીવનની હકીકતથી વાકેફ થઈએ છીએ. કથામાં આગળ વધતાં આપણે જોઈએ છીએ કે આ કથા જીવનમાં કુંતીને સુખોની ક્ષણોની પ્રાપ્તિની અને તેના પરિત્યાગની તેમ જ નિયતિ સાથેના તેના અણનમ સંઘર્ષની કથા બની રહે છે. એ રીતે કથાનું નામ અનાહતા પણ સાર્થક બની રહે છે. કથા કુંતી કેન્દ્રી નથી પરંતુ એને કુંતીના પાત્રનો આધાર મળેલો છે. એટલે એમાં મહાભારતમાંથી એવા અર્થઘટકો પસંદ કરવામાં આવ્યા છે, જેમાં કુંતીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ હોય. પરંતુ લેખકે એવું જરૂરી નથી માન્યું કે એમાં કુંતીની સંડોવણી પણ હોય. આ અભિગમે કથારસ ખીલવવામાં મદદ કરી છે. આગળ વધતાં આપણે કુંતીને પચીસ વર્ષની યુવાવસ્થામાં જોઈએ છીએ. એ વખતે મહર્ષિ વેદ વ્યાસનું આતિથ્ય `અને શિરે આવ્યું હોય છે. આ પ્રકારના પ્રસંગો કથામાં બે કાર્ય કરે છે. એક તો એ કથાનું ફૂલ પુરાતન વાતવરણ રચી આપે છે, બીજું એ કુંતીના ચરિત્રને પરિમાર્જિત કરે છે. લેખકે અહીં અને અન્યત્ર આવાં સ્થાને પ્રમાણરૂપ આધારપુષ્ટિ કરવાની જરૂર પણ જોઈ છે. કુંતીના સ્વયંવરની ઘટના પણ આ જ રીતે સૂક્ષ્મ અધ્યાત્મ સંગતિ સાધે છે. કુંતીને પાંડુ સરખા પ્રભાવશાળી વ્યક્તિસંપન્ન પતિની પ્રાપ્તિ થાય છે. પરંતુ પુત્રપ્રાપ્તિ ન થતાં દોઢ વર્ષ જેટલા અલ્પકાળમાં તો એણે પ્રિય પતિને હસતે મુખે દ્વિતીય લગ્ન કાજે સંમતિ આપી. અહીં લેખકે પ્રિય પાંડુ અને ભીષ્ણના મુખે કુંતીની ત્યાગભાવનાને અંજલી આપી છે.

લેખક વિભિન્ન સંદર્ભ યોજી કુંતીની ત્યાગ ઘટનાઓમાં નિહિત પરિત્યાગના સ્વરૂપને આવિષ્કૃત કરે છે. માદ્રી સાથે મધુરજની માણતા મૂર્છિતાવસ્થામાં સરી પડેલા પાંડુની આસનાવાસના કુંતીએ કરવાની આવે છે. પાંડુને ભાન આવ્યા પછી માદ્રીને સોંપીને શયનકક્ષ છોડી જતી કુંતીની ત્યાગમૂર્તિ અદ્વિતીય છે. વનવાસ દરમિયાન પણ એ પાંડુના માદ્રીવિલાસને અનુકૂળતા કરી આપે છે અને એની અંતિમ પળોમાં પણ એણે એનાથી દૂર રહેવાનું આવે છે. એવું લાગે છે કે રાજરાણી પદનો સ્વેચ્છાએ ત્યાગ કરનારી કુંતી પછીથી રાજપ્રિયાનું સ્થાન પણ છોડે છે. કુંતીના ચરિત્રમાં આ રીતે લેખક કરૂણતા અને ઉદાત્તતાનું સમન્વિત રૂપ પ્રગટ કરતા રહ્યા છે, જે હૃદયસ્પર્શી છે. એમાં કુંતીના પરિત્યાગની નિયતિ દ્વારા કસોટી થતી રહે છે, જેનો એ શાંત વીરતાથી સામનો કરતી રહે છે.

કથા વચ્ચે, દ્યુત પ્રસંગ પછી, કુંતીનો વૃધ્ધ માતા તરીકે ઉલ્લેખ આવે છે. લેખક વ્યતીત કાળને પાત્રની સાથે આ રીતે ગૂંથે છે. એ પમ એમના કૌશલ્યનું એક દૃષ્ટાંત છે. કથારસ જાળવવાની ખેવના રહી હોવા છતાં તે નારી મનોરંજક બનીને રહી ન જાય એ જોવામાં લેખકની ચિંતનશીલતા સક્રિય રહી છે. અહીં કુંતીના ચરિત્ર લેખનમાં સમતા, સંયમ, ધૈર્ય જેવા ગુણોનો વિનિયોગ થયેલો છે તે એમ માનવા પ્રેરે છે કે કુમારપાળની જૈન તત્ત્વદર્શનની મર્મજ્ઞતા અહીં કામ લાગી છે. રાજકીય ભૂમિકા પર લખાયેલી આ કથામાં પારિવારિક ભાવનાનો એક તંતૂ પણ ગૂંથાયેલો છે. આખરે પુત્રો કર્તવ્ય પંથે વળતાં કુંતી પોતે વનવાસ સ્વીકારી લે છે. અને અંતે પ્રજ્વલિત દાવાગ્નિમાં જાતને નિઃશેષ કરે છે. આ આખા કથાવનમાં દાવાગ્નિ ફેલાયેલો છે. પાત્રોની ભીતર વીરરૂપે, ઈર્ષા કે દ્વેષ રૂપે, વૈમનસ્ય રૂપે કે અન્યાયના પ્રતિકાર રૂપે. અંતે એમાંનું દિરતતત્ત્વ ભસ્મીભૂત થઈ ગયું અને સદ્‌તત્ત્વનું તેજ તેજમાં ભળી ગયુ. આ પ્રતીકાર્થ કથાનું મૂલ્ય વધારે છે.

અનાહતાના સર્જક કુમારપાળ દેસાઈને આપણે જૈન સાહિત્ય અને ધર્મના અભ્યાસી વિદ્વાન તરીકે તથા ગુજરાતી અને ભારતીય સાહિત્યના સહૃદય ભાવક તરીકે જાણીએ છીએ. એક કુશળ આયોજક-સંયોજક, નીતિનિષ્ઠ અને શિસ્તબદ્ધ સંશોધક, અધ્યાપક તથા સંસ્થા-સંચાલક તરીકે તેઓ સર્વપ્રિય અને સર્વ સ્વીકૃત છે. એક લબ્ધપ્રતિષ્ઠિત બહુશ્રુત વિદ્વાન જેમનાં એકસોથી વધુ પુસ્તકો પ્રગટ થઈ ચૂક્યાં છે. તેમની પ્રતિભાને ચાર ચાંદ લગાવનાર આ બૃહદ નવલકથાને આવકારું છું અને તેમને અભિનંદન પાઠવું છું.

અનાહતા (બૃહદ નવલકથા)
લેખક : કુમારપાળ દેસાઈ
પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯
કિંમત : રૂા. ૭૫૦ (પૃષ્ઠ ૨૨+૬૩૪)